सत्यमेव जयते

GJJM090000972026

કેસ દાખલ તા.: ૦૭/૦૨/૨૦૨૬
કેસ નોંધ્યા તા.: ૦૭/૦૨/૨૦૨૬
ઠરાવ જાહેર તા.: ૦૧/૦૪/૨૦૨૬
અવધિ : ૦ વર્ષ, ૧ માસ, ૨૫ દિવસ

**જોડીયાના મહેરબાન જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

આંક–

ફરીયાદી : શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ.**

**આરોપી:** વિજયભાઈ દિનેશભાઈ ગોહીલ
ઉ.વ.૨૧, ધંધો– ડ્રાઈવીંગ
રહે. મજોઠ ગામ, તા.ધ્રોલ, જિ.જામનગર

---

**ગુનો :– ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ– ૨૨૩ મુજબ.**

---

ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી. એન.કે. પરમાર
બચાવપક્ષ તર્ફે વિ.વ.શ્રી એ.પી.માંકડ

---

**-: ઠ રા વ :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તારીખ ૧૯/૦૮/૨૦૨૫ નારોજ કલાક ૧૫/૩૦ વાગ્યાના સુમારે કુન્નડ ગામના પાટીયા પાસે, તા.જોડીયા, જિ.જામનગર મુકામે આ કામના આરોપીએ પોતાના હવાલા વાળો ટ્રક/ડમ્પર રજી. નં. જી.જે.૦૮.ઝેડ.૭૦૭૭ વાળો મહેરબાન કલેક્ટરશ્રી, જામનગરનાઓના જાહેરનામા મુજબ જોડીયાથી જાંબુડા પાટીયા સુધીનો ૨૬ કિ.મી. રસ્તો તમામ પ્રકારના ભારે વાહનો માટે બંધ હોવા છતાં, કુન્નડ ગામના રોડ પર ચલાવી મળી આવતા જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોઇ, જેથી ઉપરોકત બનાવ અંગેની ફરીયાદ ફરીયાદીએ જોડીયા પો.સ્ટે. ગુ.ર. નં. ૧૧૨૦૨૦૨૫૨૫૦૩૦૦/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ- ૨૨૩ મુજબની નોંધાવતા, તે ફરીયાદની તપાસના આધારે તપાસ કરનાર અધિકારીએ તપાસ કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઇ આરોપી સામે પુરતો પુરાવો નામદાર અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ.

(૨) સદર કેસમાં આરોપી ઉપર પ્રોસેસ/સમન્સ ઈશ્યુ કરવામાં આવતા સમન્સ બજતા, આરોપી અદાલતમાં હાજર થયેલા છે. બી.એન.એસ.એસ.ની કલમ ૨૬૧ ની જોગવાઈ મુજબ આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપીની આંક-૦૩ થી પ્લી લેવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો

રજુ થયેલ છે :–

**–: મૌખિક તથા દસ્તાવેજી પુરાવો :–**

| | |
|---|---|
| આંક– ૦૫ | સાહેદ મહમદસાબીર ઉસ્માનગની પોપટપુત્રાની જુબાની |
| આંક– ૦૬ | પંચનામુ |
| આંક– ૦૯ | ફરીયાદી/ત.ક.અ.શ્રી. મેસુરભાઇ દેસુરભાઇ શિયારની જુબાની |
| આંક– ૧૦ | ફરીયાદ. |
| આંક– ૧૧ | જાહેરનામું |

(૫) ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવા ધ્યાને લેવામાં આવે તો આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય વિશેષ નિવેદન નોંધેલ નથી.

(૬) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે વિ.વ.શ્રી નાઓની દલીલો સાંભળવામાં આવી.

(૭) રેકર્ડ પરની સમગ્ર હકીકતો અને રજુ થયેલ તમામ પુરાવાઓને લક્ષમાં લેતાં, આ કેસની ઈન્સાફી કાર્યવાહીનો અંત લાવવા સારું મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**<u>–//મુદ્દાઓ//–</u>**

| | |
|---|---|
| ૦૧. | શુ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે,<br>(૧) તારીખ ૧૯/૦૮/૨૦૨૫ નારોજ કલાક ૧૫/૩૦ વાગ્યાના સુમારે કુન્નડ ગામના પાટીયા પાસે, તા.જોડીયા, જિ.જામનગર મુકામે આ કામના આરોપીએ પોતાના હવાલા વાળો ટ્રક/ડમ્પર રજી. નં. જી.જે.૦૮.ઝેડ.૭૦૭૭ વાળો મહેરબાન |

| | |
|---|---|
| | કલેક્ટરશ્રી, જામનગરનાઓના જાહેરનામા મુજબ જોડીયાથી જાંબુડા પાટીયા સુધીનો ૨૬ કિ.મી. રસ્તો તમામ પ્રકારના ભારે વાહનો માટે બંધ હોવા છતાં, કુન્નડ ગામના રોડ પર ચલાવી મળી આવતા જાહેરનામાનો ભંગ કરી, બી.એન.એસ.ની કલમ-૨૨૩ મુજબનો સજા અને દંડને પાત્ર ગુન્હો આ અદાલતની હુકમતમાં કરેલ છે? |
| ૦૨. | શું હુકમ ? |

(૮) ઉપરોકત મુદ્દા પરત્વે ના મારા ઉતરો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

(૯) ***મુદ્દા નંબર-૧ પરત્વે કારણો:-***

આરોપી સામેનો હાલનો ગુન્હો ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી સામેના ગુન્હાની હકિકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે અને હાલના કેસમાં પણ આરોપી સામેના આક્ષેપિત ગુન્હાની હકિકત સાબિત કરવાનો પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલો છે.

(૯.૧) ઉપરોકત આવશ્યક તત્વોને ધ્યાને લઈ આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૫ થી પંચસાહેદ સાહેદ મહમદસાબીર ઉસ્માનગની પોપટપુત્રાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ઉપરોકત પંચસાહેદે અદાલત રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં આંક-૦૬ થી રજુ કરેલ પંચનામામાં માત્ર સહી કર્યાની હકીકત જણાવે છે આ સિવાય બીજી કોઈ હકીકત જાણતા નથી. આ પંચ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ નહી હોવાનું સ્વિકારેલ છે.

આમ, આ પંચસાહેદની જુબાની ધ્વારા સદર પંચનામું પુરવાર થઈ શકેલ નથી. જેથી આ દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષને આરોપી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવામાં મદદરૂપ નિવડી શકેલ નથી.

(૯.૨) વધુમાં ફરીયાદપક્ષે આંક–૯ થી આ કામની તપાસ કરનાર અમલદાર મેસુરભાઈ દેસુરભાઈ શિયારનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ અદાલત રૂબરૂની જુબાનીમાં ફરીયાદ મુજબનો પુરાવો રજુ કરેલ છે અને વધુમાં જણાવે છે કે, સદર ગુન્હાની તપાસ ડેપ્યુટ થતા તેઓએ તપાસ સંભાળી લઈ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામદાર અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલું. તપાસ કરનાર અમલદાર પોતાની જુબાનીમાં આંક–૧૦ થી ફરીયાદ રજુ કરી તેમાં પોતાની ફરીયાદી તરીકેની સહી ઓળખી બતાવે છે. વધુમાં સદર સાહેદ જાહેરનામું આંક–૧૧ થી રજુ કરે છે. સદર સાહેદ આરોપીને ઓળખતા હોવાનું જણાવે છે.

આ સાહેદની બચાવપક્ષે વિસ્તૃત ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં એવી હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદી તેઓના સહકર્મચારી છે, ફરીયાદીની ફરીયાદમાં પંચોના નામઠામ જણાવેલ નથી, બનાવવાળી જગ્યાએ જાહેર રોડ છે અને ત્યાં આજુબાજુ ઘણા બધા માણસો તથા વાહનોની અવર જવર રહે છે, તેઓની સમગ્ર તપાસ દરમ્યાન પોલીસ સાહેદ સિવાય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધા નથી.

આ કામે તપાસ કરનાર અધિકારીએ યોગ્ય દિશામાં તપાસ કરેલાનું જણાવે છે અને પંચો રૂબરૂ પંચનામું કરેલ હોવાનું જણાવે છે પરંતુ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચસાહેદોએ પંચનામામાં પોતાની સહી હોવાથી વિશેષ કોઈ પુરાવો આપતા નથી અને પંચનામાની હકીકતને લેશ માત્ર સમાર્થન આપેલ નથી.

નામદાર ગુજરાત વડી અદાલત, માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કેસ, સને–૨૦૧૨(૦)જી.એલ.એચ.ઈ.એલ.–એચ.સી. –૨૨૭૬૯૮.

*'' જો પંચો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનામાં મુજબ રીકવર કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતું હોય તેમજ ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાતો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય.''*

ઉપરોકત ચુકાદો હાલના કેસમાં બંધબેસતા લાગુ પડે છે. જેથી રજુ પંચનામાના કન્ટેઈન્સ પુરવાર થયેલા માની શકાય નહીં.

વધુમાં તપાસ કરનાર અધિકારીએ આ કામે સાહેદોના નિવેદનો લીધેલ હોવાનું જણાવે છે પરંતુ કોઈ પણ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી, ફરીયાદપક્ષનો કેસ પુરવાર થયેલ નથી. જયાં સુધી ફરીયાદપક્ષના કેસને સ્વતંત્ર સાહેદોની જુબાની ધ્વારા સમર્થન ન મળે ત્યાં સુધી તપાસ કરનાર અધિકારીની જુબાની ગૌણ બની રહે છે. આમ, તપાસ કરનાર અમલદારની તપાસમાં ક્ષતિઓ જણાઈ આવે છે.

(૧૦) આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ તારીખે, બનાવ સમયે તથા બનાવ સ્થળે આ કામના આરોપીએ પોતાના કબજાના ટ્રક/ડમ્પર કલેક્ટરશ્રી, જામનગરનાઓના જાહેરનામા મુજબ જોડીયાથી જાંબુડા પાટીયા સુધીનો ૨૬ કિ.મી. રસ્તો તમામ પ્રકારના ભારે વાહનો માટે બંધ હોવા છતાં, કુન્નડ ગામના રોડ પર ચલાવી મળી આવતા જાહેરનામાનો ભંગ કરી, ગુન્હો કરેલ હોય તેવી મહત્વની હકીકત ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, જેથી આરોપીને તેમની વિરૂધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોઈ મુદ્દા નં.૧, નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨

માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:હુ ક મ:-**

(૧) આ કામના આરોપી વિજયભાઇ દિનેશભાઇ ગોહીલ, રહે. મજોઠ ગામ, તા.ધ્રોલ, જિ.જામનગર નાઓને બી.એન.એસ.એસ.ની કલમ-૨૭૧(૧) અન્વયે, તેઓની વિરૂધ્ધના ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ- ૨૨૩ મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપી, પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/ રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઈથી મળી રહે તે સારુ આરોપીએ અગાઉ જામીન આપેલ છે તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

આ હુકમ આજ તારીખ ૦૧લી, માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા
તારીખ: ૦૧/૦૪/૨૦૨૬

**(કું. એમ.એચ.મકવાણા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જોડીયા, જી.જામનગર
GJ01523

બી.કે.બળદા
ગુજ.સ્ટેનો.ગ્રેડ-૩